તા. 05-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર ભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 05-10-2024 સવારે : 7.45 થી 7.55

વાર : શનિવાર નેશનલ ન્યૂઝ (સવાર)

## આકાશવાણી સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

1) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રમાં 56 હજાર 100 કરોડથી વધુનાં વિકાસ કાર્યોનાં લોકાર્પણ અને ખાતમૂહુર્ત કરશે.**
2) **હરિયાણા વિધાનસભાની 90 બેઠકો માટે મતદાન શરૂ.**
3) **છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 28 માઓવાદીઓ ઠાર**
4) **ભારતની વિદેશી હૂંડિયાણની અનામત 700 અબજ ડોલરને પાર - આ સિદ્ધિ હાંસલ કરનાર ભારત વિશ્વનો ચોથો દેશ બન્યો**
5) **મહિલા ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં દુબઇમાં રમાયેલી મેચમાં ન્યૂઝીલેન્ડ સામે ભારતનો 58 રને પરાજય.**

.....................................................

# PM-MAHARASHTRA

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રના વાશીમ અને થાણેમાં કુલ 56 હજાર 100 કરોડની વિવિધ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે.**

તા. 05-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

પ્રધાનમંત્રી વાશિમમાં 23 હજાર 300 કરોડ રૂપિયાના મૂલ્યની  કૃષિ અને પશુપાલન ક્ષેત્રને લગતી વિવિધ પહેલોનો પ્રારભ કરાવશે. તેઓ ખેડૂતોના ખાતામાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 18મો હપ્તો જમા કરાવશે.  આનાથી દેશભરના 9.4 કરોડથી વધુ ખેડૂતોને 20 હજાર કરોડ રૂપિયાથી વધુની રકમનો સીધો નાણાકીય લાભ મળશે. આ પ્રસંગે, તેઓ મહારાસ્ટ્ર સરકારની નમો શેતકરી મહાસન્માન નિધિ યોજનાના પાંચમા હપ્તા હેઠળ ખેડૂતોને આશરે બે હજાર કરોડ રૂપિયાનો વધારાનો લાભ પણ જારી  કરશે. તેઓ બંજારા સમુદાયના સમૃદ્ધ વારસા પર  બંજારા વિરાસત સંગ્રહાલયનું પણ ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી કૃષિ આધાર માળખું ભંડોળ હેઠળ 1 હજાર 920 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની વિવિધ પરીયોજનાઓ  રાષ્ટ્રને સમર્પિત કરશે.

પ્રધાનમંત્રી મુખ્ય મંત્રી સૌર કૃષિ વાહિની યોજના 2.0 હેઠળ મહારાષ્ટ્રમાં કુલ 19 મેગાવોટની ક્ષમતાવાળો  પાંચ સોલાર પાર્ક રાષ્ટ્રને સમર્પિત કરશે. શ્રી મોદી થાણે ખાતે 32 હજાર 800 કરોડ રૂપિયાથી વધુના મૂલ્યની  વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી લગભગ 14 હજાર 120 કરોડ રૂપિયાની કિંમતની મુંબઈ મેટ્રો લાઇન-3ના BKCથી આરે JVLR સેક્શનનું ઉદ્ઘાટન કરશે.

શ્રી મોદી લગભગ 12 હજાર 200 કરોડના ખર્ચે નિર્માણ થનાર થાણે ઈન્ટિગ્રલ રિંગ મેટ્રો રેલ પ્રોજેક્ટ અને 2 હજાર અને 550 કરોડ રૂપિયાના નવી મુંબઈ એરપોર્ટ ઈન્ફલ્યુએન્સ નોટિફાઈડ એરિયા પ્રોજેક્ટના પહેલા  તબક્કાનો શિલાન્યાસ કરશે.

..............................................................................

# PM-KAUTILYA-ECONOMIC-CONCLAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે,  દેશ રિફોર્મ, પર્ફોમ અને ટ્રાન્સફોર્મનાં મંત્ર સાથે આગળ વધી રહ્યો છે. ગઈ કાલે નવી દિલ્હીમાં કૌટિલ્ય ઈકોનોમિક કોન્કલેવને સંબોધન કરતાં તેમણે કહ્યું કે, ભારત મોબાઈલ ફોનના આયાતકાર દેશથી

નિર્માતા બનવા તરફ આગળ વધ્યો છે. તેમણે નોંધ્યું કે, દેશ ટુ-વ્હીલર અને ટ્રેક્ટરનો સૌથી મોટો ઉત્પાદક અને મોબાઈલ ફોનનો બીજો સૌથી મોટો ઉત્પાદક છે.

શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અને પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. શ્રી મોદીએ જણાવ્યું છે કે, ભારતના પાંચ સેમિકન્ડક્ટર પ્લાન્ટ ટૂંક સમયમાં વિશ્વના વિવિધ ભાગોમાં સ્થાપિત કરવામાં આવશે.

(ઓડિયો – નરેન્દ્ર મોદી)

.............................................................................

# Haryana Polls

હરિયાણા વિધાનસભાની 90 બેઠકો માટે મતદાન શરૂ થયું છે. સવારે 7 વાગ્યે શરૂ થયેલું મતદાન સાંજે 6 વાગ્યે પૂર્ણ થશે. આ ચૂંટણીમાં બે કરોડ ત્રણ લાખથી વધુ મતદારો 1 હજાર 31 ઉમેદવારોના ભાવિનો નિર્ણય કરશે. સમગ્ર રાજ્યમાં કુલ 20 હજાર 632 મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા છે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી પંકજ અગ્રવાલે જણાવ્યું હતું કે, મુક્ત, ન્યાયી અને સરળ મતદાન સુનિશ્ચિત કરવા માટે વેબકાસ્ટિંગ સુવિધા સાથે તમામ મતદાન મથકો પર પૂરતી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. બે પરંપરાગત હરીફો ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ વચ્ચે મુખ્ય સ્પર્ધા છે.

બંને પક્ષોએ 89 બેઠકો પર ઉમેદવારો ઉભા રાખ્યા છે. જો કે રાજકીય નીરિક્ષકોનાં જણાવ્યા પ્રમાણે કેટલીક બેઠકો પર આમ આદમી પાર્ટી, ઇન્ડિયન નેશનલ લોક દળ, બસપા અને જન નાયક જનતા પાર્ટી- JJP નાં ઉમેદવારો પણ મેદાનમાં હોવાથી મુકાબલો ત્રિપાંખીય બન્યો છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ અને ભાજપે પાંચ-પાંચ બેઠકો પર વિજય મેળવ્યો હતો.

................................................................................

# REV. Chhattisgarh-MAOISTS

છત્તીસગઢના નારાયણપુર જિલ્લામાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં 28 માઓવાદીઓ માર્યા ગયા છે. દક્ષિણ અબુઝમાદ વિસ્તારમાં ગઈકાલે માઓવાદીઓની હાજરી વિશે માહિતી મળતાં સ્થાનિક પોલીસ અને સુરક્ષા દળોની સંયુક્ત ટુકડીએ ગોવેલ, નેંદુર અને થુલથુલી વિસ્તારોમાં તપાસ હાથ ધરી હતી.

આ દરમિયાન નેંદુર-થુલથુલીના જંગલમાં માઓવાદીઓ અને સુરક્ષા જવાનો વચ્ચે અથડામણ 28 જેટલા માઓવાદીઓ માર્યા ગયા હતા. સુરક્ષાકર્મીઓએ ઘટનાસ્થળેથી માર્યા ગયેલા માઓવાદીઓના મૃતદેહ કબજે કર્યા છે.

ઘટના સ્થળેથી એકે-47 સહિત અન્ય હથિયારો પણ મળી આવ્યા છે. છેલ્લા અહેવાલ મળ્યા ત્યાં સુધી આ વિસ્તારમાં હજુ પણ તપાસ અભિયાન ચાલી રહ્યું છે.

................................................................................

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

................................................................................

તા. 05-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# PREZ-GLOBAL SUMMIT & JAIPUR

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ કહ્યું કે લોકોને આબોહવા પરિવર્તન અને પર્યાવરણીય પ્રદૂષણની વાસ્તવિકતાને સમજી નિર્ણાયક પગલાં લેવા અપીલ કરી છે. સુશ્રી મુર્મુએ ગઈકાલે રાજસ્થાનના માઉન્ટ આબુ ખાતે ‘સ્વચ્છ અને સ્વસ્થ સમાજ માટે આધ્યાત્મિકતા’ વિષય વસ્તુ પર વૈશ્વિક શિખર બેઠકને સંબોધણ કર્યું હતું. આ કાર્યક્રમમાં બોલતા, રાષ્ટ્રપતિએ દરેકને એક પેડ મા કે નામ અભિયાનમાં જોડાવા માટે આહ્વાન કર્યું હતું. દરમ્યાન તેમણે રાજસ્થાનના બાંસવાડામાં માનગઢ ધામ ખાતે આદિ ગૌરવ સન્માન સમારોહને સંબોધન કરતાં આદિવાસી સમુદાયના લોકોને તેમના બાળકોને શિક્ષિત કરવા અને તેમને આગળ વધવાની તક આપવા આહ્વાન કર્યું હતું. તેમણે આ સન્માન સમારંભને આદિવાસી લોકોની બહુમુખી ક્ષમતાઓ અને અનેક ક્ષેત્રોમાં તેમના અમૂલ્ય યોગદાનનો સાક્ષી ગણાવ્યો હતો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આદિજાતિ ગ્રામ ઉત્કર્ષ અભિયાન આદિવાસી સમાજનું ગૌરવ વધારવાનું એક સશક્ત માધ્યમ બનશે.

.....................................................................................

# FOREX RESERVES

ભારતની વિદેશી હૂંડિયાણની અનામત 700 અબજ ડોલરને પાર થઈ છે. આ સિધ્ધિ હાંસલ કરનાર ભારત ચીન, જાપાન અને સ્વિત્ઝર્લેન્ડ બાદ ચોથો દેશ બન્યો છે. 27 સપ્ટેમ્બરે પૂરા થયેલા સપ્તાહમાં ભારતની વિદેશી હૂંડિયામણ અનામત 12 અબજ 500 કરોડ ડોલર વધતાં 704 અબજ 885 કરોડ ડોલરની નવી ઊંચી સપાટીને સ્પર્શી હતી.

તા. 05-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

ગઈ કાલે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયાએ પ્રસિદ્ધ કરેલા ડેટા પ્રમાણે ભારતની સોનાની અનામત બે અબજ ડોલર વધીને આશરે 66 અબજ ડોલર થઈ હતી.

..........................................................................................

# CRICKET- WOMEN'S T-20 WC

મહિલા ટી-20 ક્રિકેટ વિશ્વકપમાં ગઈ કાલે રાત્રે દુબઇમાં રમાયેલી મેચમાં ન્યૂઝીલેન્ડ સામે ભારતનો 58 રને પરાજય થયો હતો. 161 રનનાં લક્ષ્યનો પીછો કરતા ભારત 19 ઓવરમાં માત્ર 102 રનમાં ઓલ આઉટ થઈ ગયું હતું. ન્યુઝીલેન્ડ વતી રોઝમેરી મેરે ચાર વિકેટ લીધી હતી. અગાઉ, ટોસ જીતીને બેટિંગ લેતાં ન્યૂઝીલેન્ડે 20 ઓવરમાં ચાર વિકેટે 160 રન કર્યા હતા. સોફી ડેવિને 36 બોલમાં 57 રન કર્યા હતા. રેણુકા સિંઘે ભારત વતી બે વિકેટ લીધી હતી.

આજે ગ્રુપ-એમાં ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા વચ્ચે મુકાબલો થશે, જ્યારે ગ્રુપ બીમાં ઇંગલેન્ડ અને બાંગલાદેશ વચ્ચે મેચ રમાશે. બંને મેચ શારજાહમાં રમાશે.

..........................................................................................

# JAISHANKAR SRILANKA MEETING

વિદેશ મંત્રી ડોક્ટર એસ. જયશંકર આગામી શાંઘાઈ કો-ઓપરેશન ઓર્ગેનાઈઝેશન-SCO બેઠકમાં ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે શુક્રવારે જણાવ્યું હતું કે, ઈસ્લામાબાદમાં આગામી 15 અને 16મી ઓક્ટોબરે યોજાનારી આ બેઠકમાં પાકિસ્તાનની મુલાકાત દરમિયાન શ્રી જયશંકરની દ્વિપક્ષીય બેઠક અંગે હાલ કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

તા. 05-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

કોલંબોમાં ગઈકાલે શ્રીલંકાના વિદેશમંત્રી વિજિથા હેરથ સાથેની બેઠક દરમિયાન ડોક્ટર જયશંકરે શ્રીલંકાનાં પ્રાથમિકતા ધરાવતા પ્રોજેક્ટ્સને ભારતની વર્તમાન વિકાસ સહાય ચાલુ રાખવાની ખાતરી આપી હતી એમ વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. વિદેશ મંત્રી ડોક્ટર એસ જયશંકરે નેબરહુડ ફર્સ્ટ પોલિસી તથા દરિયાઇ સહકાર પર ધ્યાન કેન્દ્રીત કરતા સાગર કાર્યક્રમ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

.............................................................................

# WHO-MPOX

વિશ્વ આરોગ્ય સંસ્થા- WHOએ મંકીપોક્સ રોગના નિદાન માટે પ્રથમ નિદાન પરીક્ષણને મંજૂરી આપી છે. અનેક દેશોમાં રોગના કેસો વધતાં ઝડપી અને સચોટ પરીક્ષણની માંગને જોતાં WHOએ આ નિર્ણય લીધો છે.

અત્યાર સુધીમાં, મંકીપોકસના 30 હજારથી વધુ કેસ નોંધાયા છે અને 800થી વધુ લોકોના મોત થયા છે. આફ્રિકા સંઘના રોગ નિયંત્રણ કેન્દ્ર અનુસાર આ રોગ 16 દેશોમાં જોવા મળ્યો છે, જેની સૌથી વધુ અસર કોંગોમાં જોવા મળી છે.

આ રોગ ચેપગ્રસ્ત પ્રાણીઓમાંથી મનુષ્યોમાં ફેલાયેલા વાયરસને કારણે થાય છે. તેના લક્ષણોમાં તાવ, સ્નાયુમાં દુખાવો અને ચામડી પર ઘા થવા સહિતનો સમાવેશ થાય છે.

.............................................................................

તા. 05-10-2024

સમય : સવારે 7.45(નેશનલ)

# UN-ANTI-TERRORISM-PACT

ભારતે ફરી એકવાર આતંકવાદ વિરુદ્ધ આંતરરાષ્ટ્રીય સંધિ અપનાવવાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે.

આ સંધિનો પ્રસ્તાવ ભારતે લગભગ 30 વર્ષ પહેલા મૂક્યો હતો.

સંયુક્ત રાષ્ટ્રની કાયદાકીય સમિતિને સંબોધન કરતાં સંયુક્ત રાષ્ટ્ર મિશનમાં ભારતના પ્રતિનિધિ આર. મૈથિલીએ આતંકવાદી જૂથોની વધતી તાકાત પર ચિંતા વ્યક્ત કરતાં આતંકવાદ પર વ્યાપક સંમેલનને અંતિમ સ્વરૂપ આપવા માટે વર્તમાન મડાગાંઠને દૂર કરવા માટે વિશ્વ સમુદાયની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. સુશ્રી મૈથિલીએ રાજકીય કારણોસર આતંકવાદને વાજબી ઠેરવતા દેશોની નિંદા કરી હતી.

..............................................................................